1. AGIL મોડેલમાં પાર્સન્સે સામાજિક રચનાતંત્રની કંઈ ચાર કાર્યાત્મક જરૂરિયાત દર્શાવી છે ?

- AGIL મોડેલમાં પાર્સન્સે સામાજિક રચનાતંત્રની ચાર કાર્યાત્મિક જરૂરિયાત દર્શાવી છે :
  (1) અનુકુલન, (2) ધ્યેયપ્રાપ્તિ, (3) સુગ્રથન તથા (4) રચનાની જાળવણી અને તંગદિલી-નિવારણ.

2. ધ્યેયપ્રાપ્તિની સમસ્યા કઈ સંસ્થા દ્વારા હલ થાય છે?

- ધ્યેયપ્રાપ્તિની સમસ્યા રાજ્ય સંસ્થા દ્વારા હલ થાય છે.

3. પાર્સન્સે આપેલા મૉડેલને કયા નામથી ઓળખવામાં આવે છે?

- પાર્સન્સે આપેલા મૉડેલને 'સામાજિક રચનાતંત્રનું AGIL મોડેલ' નામથી ઓળખવામાં આવે છે.

4. ઉપજૂથની વ્યાખ્યા આપો.

- કોઈ પણ સમાજમાં અનેક જૂથો હોય છે. કોઈ પણ જૂથ ઉપજૂથના પેટાભાગરૂપે વિકસેલું હોવાથી તેને 'ઉપજૂથ' કહે છે.

5. રચનાનું કોઈ એક ઉદાહરણ આપો.

- કુટુંબ એ સામાજિક રચનાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત ગ્રામ સમુદાય, નગર સમુદાય, આદિવાસી સમુદાય વગેરે રચનાનાં ઉદાહરણો છે.

6. સમાજમાં માનવીની જરૂરિયાતો સંતોષતી સામાજિક વ્યવસ્થાઓ કઈ છે?

- સમાજમાં કુટુંબ, લગ્ન, જ્ઞાતિ, માર્થિક, રીક્ષણિક, ધાર્મિક વગેરે સંસ્થાનો માનવીની જરૂરિયાતો સંતોષતી સામાજિક વ્યવસ્થાઓ છે.

7. સામાજિક વ્યવસ્થા અને સામાજિક રચના બંને એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે?

- સામાજિક વ્યવસ્થા અને સામાજિક રચના બંને ખ્યાલો એ કબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. સામાજિક વ્યવસ્થા વગર સામાજિક કાર્ય સંભવિત બનતું નથી અને સામાજિક કાર્ય સામાજિક રચના વિના સંભવિત નથી.

8. મલ્કોટ પાર્સન્સ માનવક્રિયા વ્યવસ્થાને કયા ચાર પેટા-વ્યવસ્થાઓમાં વિભાજિત કરે છે?

- મકોટ પાર્સન્સ માનવક્રિયા વ્યવસ્થાને આ ચાર પેટા -વ્યવસ્થાનોમાં વિભાજિત કરે છે :
  (1) જેવિક વ્યવસ્થા, (2) વ્યક્તિમત્તાની વ્યવસ્થા, (3) સામાજિક વ્યવસ્થા અને (4) સાંસ્કૃતિક વ્યવસ્થા.

9. કયા સમાજશાસ્ત્રીઓએ સામાજિક રચનાતંત્ર અને સામાજિક વ્યવસ્થાની સમજૂતી આપી છે?

- હર્બર્ટ સ્પેન્સર, બ્રોનિસ્લો મેલિનોવસ્કી અને ટાલ્કોટ પાર્સન્સ જેવા સમાજશાસ્ત્રીઓએ સામાજિક રચનાતંત્ર અને સામાજિક વ્યવસ્થાની સમજૂતી આપી છે.

10.સામાજિક વ્યવસ્થાનાં લક્ષણો જણાવો.

- સામાજિક વ્યવસ્થાનાં ત્રણ લક્ષણો આ પ્રમાણે છે : (1) વિભિન્ન ભાગો વચ્ચે પરસ્પરાવલંબન, (2) સામાજિક વ્યવસ્થામાં સ્થિરતા અને (3) સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન.

11. સામાજિક વ્યવસ્થાનાં કેટલાં પાસાઓ છે ? કયાં ક્યાં?

- સામાજિક વ્યવસ્થાનાં ચાર પાસાઓ છે : (1) ઉપજૂથો, (2) ભૂમિકાઓ, (3) સામાજિક ધોરણો અને (4) સાંસ્કૃતિક મૂલ્યો.

12.'ભૂમિકા' કોને કહેવામાં આવે છે? .

- સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિના વિવિધ દરજ્જાઓ હોય છે. આ દરજ્જાના સંદર્ભમાં સામાજિક ધોરણો પ્રમાણે વ્યક્તિ જે કાર્યો કરે છે, તેને 'ભૂમિકા' કહેવામાં આવે છે.

13.'સામાજિક ધોરણો' એટલે શું?

- અમુક સામાજિક પરિસ્થિતિ કે સામાજિક રચનાતંત્રમાં કોઈ સ્થાન સાથે સંકળાયેલી સમૂહવર્તનની અપેક્ષાઓ એટલે સામાજિક ધોરણો.'

14. સામાજિક માળખાના એકમોમાં કોનો સમાવેશ થાય છે?

- સામાજિક માળખાના એ કમોમાં સમૂઠ, સંસ્થા, સંગઠન અને મંડળનો સમાવેશ થાય છે.

15. સામાજિક રચનાતંત્રનાં લક્ષણો જણાવો.

- સામાજિક રચનાતંત્રનાં ત્રણ લક્ષણો આ પ્રમાણે છે : (1) સામાજિક દરજ્જાઓનો સમૂહ, (2) સામાજિક ભૂમિકાઓનો સમૂહ અને (3) સામાજિક ધોરણો.

16. સામાજિક વ્યવસ્થાએ ટકી રહેવા માટે કંઈ ચાર કાર્યાત્મક જરૂરિયાતો પૂર્ણ કરવી જોઈએ?

- સામાજિક વ્યવસ્થાને ટકી રહેવા માટે આ ચાર કાર્યાત્મિક જરૂરિયાતો પૂર્ણ કરવી જોઈએ :
  (1) અનુકૂલન, (2) ધ્યેયપ્રાપ્તિ, (3) સુગ્રથન તથા, (4) રચનાની જાળવણી અને તંગદિલી નિવારણ.

17. કંઈ બાબતો દ્વારા સામાજિક વ્યવસ્થામાં સુગ્રથન જળવાઈ રહે છે ?

- વફાદારી, સહકાર, સંકલન અને કાર્યદક્ષતો દ્વારા સામાજિક વ્યવસ્થામાં સુગ્રથન જળવાઈ રહે છે.